ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સતત છ ચોમાસામાં ગાંધીનગર તાલુકામાં વરસાદની ઘટ પછી વૉટર મેનેજમેન્ટની દિશામાં ક્યારે કાર્યવાહી થશે

મુખ્ય સચિવે પંચાયતને નેતૃત્વ લઈ રોડમેપ તૈયાર કરવા રાયસણમાં આપેલી સૂચનાના અમલીકરણમાં તંત્ર ક્યાં અટવાયુ સમજાતુ નથી, તંત્રને લોકોની ચિંતા હોય તેવુ લાગતુ નથી એક પણ તબક્કે પંચાયતમાં હજૂ ચર્ચા થઈ જ નથી

સમયસર
- પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લો એ સતત ઓવર એક્સ્પોયલેટશન કેટેગરીમાં આવતો જિલ્લો છે. અહિ ભૂગર્ભજળના સ્તર સતત નીચે જતા રહ્યા છે છતાંય અહિ તંત્રએ જે કામગીરી કરવા માટેના જે પ્રયાસો કરવા જોઈએ તેમાં સતત ઉણુ ઉતરતુ રહ્યુ છે.

આ વર્ષે રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમાર શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હાજરી આપવા છેલ્લા દિવસે રાયસણ ગામે ગયા હતા. રાજ્યના મુખ્ય સચિવે ગામની શાળાની બહાર તળાવ ખોદાયેલુ જોયુ અને તેમણે જળસંચય વિશે એસ.એમ.સી. તેમજ ચૂંટાયેલા પદાધિકારીઓ સાથે વાત કરી.

રાયસણ આમ તો મહાનગરપાલિકામાં ભેળવી દેવાયુ છે. સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે કે જેઓ વ્યવસાયે ઈજનેર છે તેમણે મનપાના તળાવો નર્મદાના નીરથી ભરી આપવામાં આવે તો મનપા ખર્ચ ઉઠાવવા તૈયાર છે તેવી મુકેલી દરખાસ્તની રજુઆત કરી હતી.

મુખ્ય સચિવ અગાઉ મહેસુલ સચિવ રહી ચુક્યા હતા અને તેમને પણ પરિસ્થિતિની જાણકારી હતી. તેમને આ વાત ગમી ગઈ. આ પછી તેમણે કહ્યુ કે જિલ્લો નાનો છે અહિ એક-એક એકરના ૧૨ નવા તળાવો સુજલામ સુફલામ અંતર્ગત બનાવ્યા છે તેમ કલેક્ટર સાથે વાત કર્યા પછી કહ્યુ. તેમણે કહ્યુ કે મનપા પાસે સિમીત સંશાધનો છે પણ પંચાયત પાસે આ અંગે વિપુલ સંશાધનો છે અને વૉટર મેનેજમેન્ટ, વૉટર બજેટીંગ જેવા વિષયો પર પંચાયતે નેતૃત્વ લઈ ઘણુ બધું થઈ શકે એમ છે અને કરવુ જોઈએ આ સમયની માંગ છે. પંચાયત આ દિશામાં રોડમેપ તૈયાર કરે તળાવો ઈન્ટર લીંકેજીસ કરે તો હરિયાળી પાછી આવી શકે એમ છે.

પણ પંચાયતે નેતૃત્વ લેવુ જોઈએ તે વાત વિસરાઈ ગઈ છે તે સૌને ખૂંચે છે. પંચાયત કોઈ નેતૃત્વ લેવા કેમ તૈયાર નથી થતુ પંચાયતી રાજમાં લોકોની સીધી ભાગીદારી છે તો અધિકારીઓ ક્યાં પાછા પડી રહ્યા છે. મુખ્ય સચિવે આપેલી સૂચનાનું અમલીકરણ કરવામાં કેમ ઉદાસીનતા દાખવવામાં આવે છે.

ગાંધીનગર શહેરના કેટલાક સેક્ટરોમાં પણ પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો છે. હજુ ઘણી બધી

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં મોસમનો મિજાજ બદલાયો

દિવસે વરસાદી વાયરા વચ્ચે નગરજનોએ ઠંડક અનુભવી : જો કે વરસાદી વાદળો પલવારમાં વિખેરાઇ જતા ગરબા પ્રેમીઓને રાહત : બદલાતા મોસમના મિજાજ વચ્ચે વહેલી સવારે અને રાત્રિના સમયે વાતાવરણમાં ઠંડક : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૮ ડીગ્રીનો તફાવત

ગાંધીનગર તા ૨૩

શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળે છે. આજે પણ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી આકાશી નઝારો બદલાયો હતો. જયારે બપોરના અંતે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા દિવસ દરમિયાન ઠંડા પવનના લીધે વાતાવરણમાં પણ અનોખી ઠંડક પ્રસરી હતી. નવરાત પર્વ નજીકમાં છે ત્યારે ગરબા મહોત્સવની તૈયારીઓ પણ જોરશોરમાં ચાલી રહી છે. ત્યારે મોસમ પણ હાલની સ્થિતિએ ફેવરેબલ રહેતા ગરબા પ્રેમીઓ પણ હાંશકારો અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં આજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે સુસવાટા મારતા ઠંડા પવનના લીધે વાતાવરણમાં પણ અનોખી ઠંડક પ્રવર્તી હતી. આજે

દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ માત્ર ૮ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જયારે ગઈકાલની સાપેક્ષમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. દિવસ દરમિયાન બપોર બાદ પણ આકાશી નઝારો બદલાયો હતો જો કે વરસાદી વાદળો પલવારમાં વિખેરાઇ ગયા હતા જયારે વહેલી સવારે અને રાત્રિના સમયે નગરજનોએ ગુલાબી ઠંડક અનુભવી હતી. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવતા હતા ઉકળાટથી ત્રસ્ત નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત થતા આરોગ્ય પર વિપરિત અસર વર્તાઇ રહી છે. જયારે વરસાદની ગેરહાજરી વચ્ચે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યો છે. આજે પણ સવારથી જ મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળ્યો હતો. આજે ગરમીનો પારો નીચે ઉતરીને ૩૧ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૩.૭ ડીગ્રી રહ્યુ હતુ. વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે ભેજનુ પ્રમાણ પણ ૭૦ થી ૮૭ ટકા રહ્યુ હતુ. નવલી નવરાતનુ પર્વ નજીકમાં છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની ગેરહાજરી વચ્ચે ગરબાપ્રેમીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. ત્યારે નવરાત મહોત્સવમાં પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના છે. હવામાન તજજ્ઞોના મતે વરસાદ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં કોરોનાના વધુ ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. જ્યારે ગાંધીનગર શહેરમાં વધુ એક કેસ કોરોનાનો નોંધાયો છે.

ગાંધીનગર શહેરના કુડાસણમાં ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. દહેગામ કલોલ અને માણસા તાલુકામાં બે-બે કેસ નોંધાયા છે.

દહેગામના અમરભારતી અને નાંદોલ ગામેથી કલોલ તાલુકાના ભોયણ મોટી અને કોઠા ગામેથી તેમજ માણસા તાલુકાના સોજા અને માણસા શહેરમાંથી એક-એક કેસ નોંધાયેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૫૦ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગ-૪ અન્ડરપાસનું ૨૭મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે લોકાર્પણ થશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર નજીક બનાવવામાં આવેલ અન્ડરપાસ આગામી ૨૭મી સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી વ ગાંધીનગરના સાંસદ અમીત શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

ગ-૪ પાસે આ અન્ડરપાસ સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ નિર્માણ કરવામાં આવેલ છે. રૂ. ૩૪ કરોડના ખર્ચે આ અન્ડરપાસનું કામ પૂર્ણ થયુ છે. ઘ-૪ કલેક્ટર ઓફિસ પાસે બાંધેલ અન્ડરપાસની નબળી કામગીરી પછી આ અન્ડરપાસના કામકાજમાં તંત્રએ સમગ્ર ધ્યાન કેન્દ્રીત કરી કોઈપણ ફરિયાદ ઉઠે નહિ તેની કાળજી લીધી હોવાનું જાણવા મળેલ છે.

મહાત્મા મંદિરથી સચિવાલય સુધીનો સમગ્ર સેન્ટ્રલ વિષ્ટા આ અન્ડરપાસ કાર્યરત થતાં જ સૌથી મોટો ગ્રીન કારપેટ એરિયા ધરાવતો પાર્ક બનશે. આમ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે મહાત્મા મંદિરથી સાબરમતી નદી સુધી સેન્ટ્રલ વિષ્ટાને લંબાવી અને સાબરમતી નદિ કિનારે પંચશક્તિ ભવનના નિર્માણની કલ્પના વ્યક્ત કરી હતી.

ગાંધીનગરમાં રોડ એન્જીનીયરીંગના બદલાવના સંકેત આ પછી મુખ્યમંત્રી પદે આવેલા અને હાલ યુ.પી.ના રાજ્યપાલ તરીકે સેવાઓ આપતા આનંદીબેન પટેલે આપ્યા હતા.

હવે ગાંધીનગરમાં કુલ ૩ અન્ડરપાસ કાર્યરત બનશે. એક વાવોલ પાસે, ઘ-૪ પાસેનો (કલેક્ટર ઓફિસ) અને ગ-૪નો આ અન્ડરપાસ બનશે.

ગ–૪ જંકશન પર અન્ડરપાસના બોક્ષની લંબાઈ ૧૬૩ મીટર તથા બંને તરફના એપ્રોચની લંબાઈ ૬૯૪ મીટર થઈને કુલ લંબાઈ ૮૫૭ મીટર તથા પહોળાઈ ૧૫.૨૦ મીટર થાય છે.

અન્ડરપાસમાં રાત્રીના સમયમાં પુરતો અજવાશ જળવાઈ રહે એ હેતુથી અત્યાધુનિક લાઈટ્સ નાખવામાં આવેલ છે. અન્ડરપાસમાં એપ્રોચ તથા બોક્ષસમાં રાહદારીઓ ચાલી શકેએ હેતુથી ફૂટપાથ પણ બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત કોઈ અકસ્માત ન થાય તથા રોડ સેફટી જળવાઈ રહેએ હેતુથી બંને તરફ ક્રેશ બેરીયર પણ લગાવવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ડે. મ્યુનિ. કમિશનર કેયુર જેઠવાની બદલી કરાઈ

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની ખાલી જગ્યા ભરાઈ, બનાસકાંઠાના વાય.ડી. ગોહિલને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિ. કમિશનર કેયુર જેઠવાની બદલીના હુકમ આજે કરવામાં આવ્યા છે.

નાયબ મ્યુનિ. કમિશનર જેઠવાને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી બનાસકાંઠા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમના સ્થાને સુશ્રી જે.સી. પંડ્યા જે અમદાવાદ ડે. કલેક્ટર મધ્યાવન ભોજના તરીકે મનપામાં ફરજ બજાવતા હતા તેમને મુકવામાં આવ્યા છે.

રાજ્યના મહેસુલ વિભાગે આજે ૪૨ નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓની બદલી કરી છે તેમજ ૨૬ જેટલા મામલતદારોને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપી નિમણુંકો આપતા હુકમો કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

કુડાસણ સહિતના વિસ્તારમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરાયુ

સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામની સાથે વરસાદી મોસમમાં માર્ગો ઉબડ ખાબડ બન્યા : વિવિધ માર્ગોના રીસરફેસીંગનુ કામ દિવાળી પુર્વે પુર્ણ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૩

છેલ્લા ત્રણ મહીનાથી સતત વરસતા વરસાદના લીધે શહેર તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિવિધ માર્ગો ઉબડ ખાબડ હાલતમાં જોવા મળી રહ્યા છે. માર્ગો પર ઠેર ઠેર ગાબડા પડયા છે. સેકટરોમાં આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. આમ પણ છેલ્લા ચાર વર્ષથી માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. નવરાત બાદ સેકટરોમાં પણ માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવશે જયારે ન્યુ ગાંધીનગરમાં પણ વિવિધ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના લીધે માર્ગો પર ઠેર ઠેર ગાબડા પડયા છે. ગુડા દ્વારા કુડાસણ સહીતના વિસ્તારમાં રસ્તાઓનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં વરાસાદી દિવસોના અંતે સેકટરોમાં ઠેર ઠેર માર્ગો પર ગાબડા જોવા મળી રહ્યા છે. સેકટરોના આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ છે. શહેરના મુખ્યમાર્ગોની સરફેસ પણ ખરબચડી જોવા મળે છે. જયારે કેટલાક ઠેકાણે મોટા ખાડા ટેકરા પણ અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ છેલ્લા ચાર વર્ષથી હાથ ધરવામાં આવ્યુ નથી જયારે વરસાદી દિવસોના અંતે માર્ગોની હાલત વધુ ખરાબ થઈ છે. સેકટરો ઉપરાંત ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ માર્ગો કમરતોડ હાલતમાં જોવા મળી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે નવા સેકટરોમાં પણ નવરાત બાદ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે શહેરના મુખ્યમાર્ગોને અનુલક્ષીને પણ ઘ માર્ગની સુધારણાનુ બાકી કામ ટુંકમાં પુર્ણ કરાશે. આ ઉપરાંત ન્યુ ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

હવે ફુડકોર્ટ પણ મનપાને સોંપી દેવા માટે વિચારણા

છેલ્લા બે વર્ષથી ફુડકોર્ટના સ્ટોલ ધારકો ભાડુ ચુકવવામાં પણ નિરસતા સેવી રહ્યા છે : તંત્રના ચોપડે ભાડાના મામલે લાખોનુ ઉઘરાણુ બાકી : ફુડકોર્ટના રીનોવેશન તેમજ નવી લાઇન નાંખવા માટે પણ લાખોનો ખર્ચ કરાયો છે આમ છતા ભાડુ ચુકવવામાં વેપારીઓ નિરસતા દાખવી રહ્યા છે

ગાંધીનગર તા ૨૩

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટના સ્ટોલ્સ સ્ટોલ ધારકો દ્વારા છેલ્લા બે વર્ષથી નિયમિત ભાડુ ન ચુકવાત તંત્રએ ભાડા પેટે લાખોની વસુલાત કરવા માટે અત્યાર સુધી ત્રણ વાર નોટીસ આપી છે. જયારે કોરાના કાળમાં ફુડકોર્ટના વેપારીઓએ સરકારને રજુઆત કર્યા બાદ છ મહીનાનુ ભાડુ પણ માફ કરી દેવામાં આવ્યુ હતુ. જો કે હાલની સ્થિતિએ પણ ઘણાં ખરા સ્ટોલ ધારકોનુ ભાડુ બાકી છે. આ મામલે નોટીસના અંતે પણ વેપારીઓ ભાડુ ચુકવવામાં નિરસતા દાખવી રહ્યા છે. બીજીતરફ હવે ફુડકોર્ટ પણ ઓપન એર થિયેટરની જેમ કોર્પોરેશનને સોંપી દેવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. ટુંકમા આ માટે જરૂરી પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટમાં ખાણીપીણીના વિવિધ સ્ટોલ્સ ધમધમી રહ્યા છે. રોજબરોજ ફુડકોર્ટમાં ભીડ જોવા મળે છે. જયારે અગાઉ ફુડકોર્ટની દુકાનોના સમારકામ માટે પણ તંત્ર દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ફુડકોર્ટના સ્ટોલ પાસે ઉભરાતી ગટર લાઈનની સમસ્યા ડામવા માટે પણ નવી લાઈન નાંખવામાં આવી છે. અલબત્ત ફુડકોર્ટની જાળવણી માટે સરકારે તોતિંગ ખર્ચ કર્યો છે.આમછતા ફુડકોર્ટના સ્ટોલ ધારકો નિયત સમયમાં ભાડુ ન ચુકવતા તંત્રએ નોટીસ આપવાની ફરજ પડી છે. અગાઉ કોરોના કાળમાં સરકારે રજુઆતના અંતે ફુડકોર્ટનુ ભાડુ માફ કરવાનો નિર્ણય લીધો હતો. પરંતુ ભાડા માફીના અંતે પણ કોરોના કાળ બાદ હાલની સ્થિતિએ સ્ટોલ ધારકો ભાડુ ચુકવતા નથી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા અત્યાર સુધી ત્રણવાર નોટીસ પણ આપવામાં આવી છે. ફુડકોર્ટનુ સંચાલન હાલ પાટનગર યોજના વિભાગ હસ્તક છે. ગાંધીનગરની ઘ- ૫ સ્થિત ફુડકોર્ટમાં અંદાજિત ૯૬ જેટલા સ્ટોલ છે. જયારે વર્ષ ૨૦૧૩ માં હરાજીના અંતે ૩૯ જેટલા સ્ટોલ્સની ફાળવણી કરવામાં આવી હતી. જયારે સમય જતા બિન ઉપયોગી સ્ટોલ્સ ખંડેર બનતા રીનોવેશન પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. ફુટકોર્ટની અન્ય દુકાનો પણ

● અનુસંધાન પાન-૭ પર

મારા કાર્યકાળ દરમ્યાન મને જનસેવા કરવાની તક મળી : ડો.નીમાબેન આચાર્ય

ભૂકંપ બાદ નરેન્દ્ર મોદીએ કચ્છને હિંમત આપી સર્વાંગી વિકાસ કર્યો ડો.નીમાબેન : અધ્યક્ષાએ ચૌદમી વિધાનસભાના છેલ્લાં ત્રણ સત્રોમાં થયેલાં કામકાજની વિગતો આપી : ગુજરાત વિધાનસભામાં રાષ્ટ્રપતિનું સંબોધન અને યુથ એસેમ્બલીને ઐતિહાસિક ઘટનાઓ લેખાવી

ગાંધીનગર, તા. ૨૩

"મારા ગાયનેક તબીબ તરીકેના વ્યવસાયથી માંડીને પાંચ ટર્મ સુધી ધારાસભ્ય તરીકે તેમજ વિધાનસભાના અધ્યક્ષ તરીકે મને જનસેવા જેમાં ખાસ કરીને મહિલાઓ માટે કામ કરવાની તક સાંપડી તેને હું મારું સૌભાગ્ય માનું છું." તેવું જણાવતાં તેમના કાર્યકાળ દરમ્યાન વિધાનસભામાં રજુ કરાયેલાં સંપૂર્ણ જેન્ડર બજેટની ઘટના સહિત આજે વિધાનસભાના અધ્યક્ષા ડો.નીમાબેન આચાર્યએ પોતાના વતન કચ્છને પણ યાદ કરીને કહ્યું હતું કે "તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂકંપ બાદ કચ્છના નાગરિકોને હિંમત આપી હતી અને તેમણે સફેદ રણમાં રણોત્સવ અને સ્મૃતિ વનના નિર્માણ સહિત અનેક વિકાસ કાર્યો હાથ ધરીને કચ્છને સર્વાંગી વિકાસ સાથે વિશ્વના નકશા ઉપર સ્થાન અપાવ્યું છે. હજુ તો ધોળાવીરાનો વિકાસ કરાઈ રહ્યો છે અને ૩૦હજાર મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો પાવર પ્લાન્ટ આકાર લઈ રહ્યો છે. કચ્છમાં નર્મદાના નીર આવ્યાં જે આનંદની બાબત છે."

ચૌદમી ગુજરાત વિધાનસભાના ગઈકાલે અંતિમ ચોમાસું સત્રના સમાપન બાદ આજે પત્રકારોને વિધાનસભાના નવમાં, દસમાં અને અગિયારમાં સત્રમાં થયેલી કામગીરી અંગે માહિતી આપવા સાથે અધ્યક્ષા ડો.નીમાબેન આચાર્યએ પોતાની કેટલીક ખાટી-મીઠી યાદોને પણ વાગોળી હતી. તેમણે જણાવ્યું હતું કે "તબીબી ક્ષેત્રે જનસેવા કરવા સાથે મારા વિસ્તારના નાગરિકોની સેવા કરવા માટે હું રાજકારણમાં જોડાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે કચ્છ દર, દરિયો અને ડુંગરનો પ્રદેશ હોવા છતાં પણ કચ્છનો સારો વિકાસ થયો છે જેમાં રાજ્ય સરકાર ઉપરાંત વિવિધ સેવાકીય સંસ્થાઓનો અને સ્થાનિક નાગરિકોનું પણ સારું યોગદાન છે. કચ્છ જિલ્લાને નર્મદાના નીર આપવા માટે રાજ્ય સરકારે નર્મદા કેનાલ દ્વારા તેમજ પાઈપલાઈન દ્વારા નર્મદાના નીર કચ્છને પહોંચાડતા કચ્છની પ્રજાને પીવાના પાણીની અને સિંચાઈની સમસ્યા હલ થઈ છે એમ તેમણે જણાવ્યું હતું. આ સાથે વિધાનસભાને તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કરેલાં સંબોધન તેમજ ગુજરાત વિધાનસભામાં યોજાયેલી યુથ એસેમ્બલીને ઐતિહાસિક ઘટનાઓ ગણાવી યાદ કરી હતી.

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા, દસમા અને અગિયારમાં સત્રમાં થયેલ મહત્વના કામકાજની વિગતો આપતાં વિધાનસભા અધ્યક્ષા ડો.નીમાબેન. આચાર્યએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી કરવામાં આવી હતી જેમાં અધ્યક્ષ તરીકે ડૉ. નિમાબેન આચાર્યની તેમજ ઉપાધ્યક્ષ તરીકે જેઠાભાઈ ભરવાડની પસદગી થયેલ હતી. વિધાનસભાનું સત્ર ગઈકાલે પુરુ થયા બાદ આજે બે દિવસ ગૃહ માં કરવામાં આવેલી કામગીરી અંગે પત્રકાર પરિષદને સંબોધતા

વિધાનસભા અધ્યક્ષા ડો.નિમાબેન આચાર્ય એ જણાવ્યું હતું કે ચૌદમી વિધાનસભાના નવમા, દસમા અને અગિયારમા સત્ર દરમિયાન ગૃહની અનુક્રમે ૨, ૨૫ અને ૨ બેઠકો મળી હતી. તેમણે જણાવ્યું હતું કે ચૌદમી વિધાનસભાનું નવમું દસમું અને અગિયારમું સત્ર અનુક્રમે ૧૪ કલાક ૧૦ મિનિટ ૧૧૦ કલાક ૪૨ મિનિટ અને ૧૦ કલાક ૨૪ મિનિટ ચાલ્યું હતું. આ ત્રણ સત્રો દરમિયાન સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે ગૃહમાં કુલ-૩૮ શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા.

દસમું સત્ર સન ૨૦૨૨-૨૩ના વર્ષનું પ્રથમ સત્ર હોઈ બંધારણની કલમ ૧૭૬(૧) અન્વયે સત્રની શરૂઆત તા.૦૨/૦૩/૨૦૨૨ના રોજ રાજયપાલશ્રીના સંબોધનથી થઈ હતી. ઉક્ત દિવસે સભ્યશ્રી રાકેશભાઈ શાહે રાજયપાલશ્રીએ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનતો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તા.૦૮/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહ દ્વારા આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે દસમા સત્ર દરમિયાન તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ નાણાકીય વર્ષ-૨૦૨૨-૨૦૧૩ માટેનું રૂ. ૨૪,૩૯,૬૪,૭૨,૪૫,૦૦૦/-નું અંદાજપત્ર અને વર્ષ-૨૦૨૧-૨૦૨૨ માટેનું રૂ:૧,૨૩,૬૦,૪૩,૦૯,૦૦૦/- નું ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું હતું. અંદાજપત્ર પર ૪ દિવસ સામાન્ય ચર્ચા અને ૧૨ દિવસ માગણીઓ પર ચર્ચા અને મતદાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪
ફોન નંબર : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

ટેન્ડર નોટીસ

ઉપરોક્ત સંસ્થાના ગામ દશેલા ખાતે આવેલ જગ્યાએ કાર્યરત 'શાકભાજી પ્રોજેક્ટ' બિલ્ડીંગના કામ માટે ૬૦૦ મીટર (અંદાજિત) '૪૦૦ જીડ્ડ ૩.૫ કોર આર્મ્ડ એલ્યુમિનિયમ કેબલ અને રિલેટેડ મટિરિયલ'ની ખરીદી અંગે ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક સંસ્થાની ઓફીસમાંથી જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ તા. ૨૪/૯/૨૦૨૨ થી તા. ૨૯/૯/૨૦૨૨ સુધી સંસ્થાના સમય દરમિયાન (૯.૩૦ થી ૧૭.૦૦) રૂ. ૧૦૦૦ (નોન રીફંડેબલ) રૂબરૂ રોકડા ભરીને મેળવીને તા. ૩૦/૯/૨૦૨૨ સાંજના ૧૬.૦૦ સુધીમાં સંસ્થામાં સીલબંધ કવરમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ આવેલ ભાવપત્રક કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. ટેન્ડર / ઓફર / ભાવ સ્વીકારવા કે ના સ્વીકારવાનો તેમજ સદર જાહેરાત કેન્સલ કરવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટર સાહેબશ્રીનો રહેશે.

સહી/-
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com